# S.U.G College Of Education, Vasna, Ahmedabad

# અધ્યયનનું મૂલ્યાંકન

## મૂલ્યાંકનના પ્રવાહો

Dr. Kiranben Jayantilal Patel,
Adhyapak S.U.G College Of
Education, Vasna, Ahmedabad

# મૂલ્યાંકન ના પ્રવાહો

**2.1 વર્તમાન પરીક્ષા પ્રણાલી**

1. પરીક્ષા ની સંકલ્પનાં
2. વર્તમાન પરીક્ષા પ્રણાલી ની મર્યાદાઓ/દોષો
3. પરીક્ષા પદ્ધતિનાં દોષો નિવારવાના ઉપાયો

**2.2 ઓનલાઈન પરીક્ષા**

1. ઓનલાઈન પરીક્ષાનો અર્થ
2. ઓનલાઈન પરીક્ષાનાં લક્ષણો
3. ઓનલાઈન પરીક્ષાનાં ફાયદાઓ
4. ઓનલાઈન પરીક્ષાની મર્યાદાઓ
5. ઓનલાઈન પરીક્ષાની જરૂરિયાતો

## 2.3 Open book exam ( ખુલ્લા પુસ્તકો સાથે પરીક્ષા)

1. ખુલ્લા પુસ્તકો સાથે પરીક્ષાનો અર્થ અને હેતુઓ
2. ખુલ્લા પુસ્તકો સાથે પરીક્ષાની ધ્યાનમાં રાખવાની બાબતો,તૈયારી કેવી રીતે કરવી અને પરીક્ષા કેવી રીતે આપવી
3. ખુલ્લા પુસ્તકો સાથે પરીક્ષાનાં ફાયદા
4. ખુલ્લા પુસ્તકો સાથે પરીક્ષાની મર્યાદાઓ

## 2.4 સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

1. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો અર્થ
2. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં હેતુઓ
3. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનું મહત્વ
4. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં સોપાનો
5. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં ઘટકો

# 2.1 વર્તમાન પરીક્ષા પ્રણાલી

## પરીક્ષાની સંકલ્પનાં

1. પરીક્ષા એટલે વિદ્યાર્થીઓની જ્ઞાનાત્મક અને ભાવાત્મક કક્ષા અને કૌશલ્યોની કક્ષા જાણવા માટે તેમણે પૂછવા માટેના પ્રશ્નો અથવા તેમણે સોંપવામાં આવતા પ્રાયોગિક કાર્યોનો સમૂહ છે.
2. કોઈ એક વિષયમાં તમે કેટલું જાણો છો અથવા તમે શું કરી શકો છો તે ચકાસણી શાળા અથવા કોલેજ કક્ષાએ લેવાતી ઓપચારિક લેખિત,મૌખિક કે પ્રાયોગિક કસોટી.

## 2. વર્તમાન પરીક્ષા પ્રણાલી ની મર્યાદાઓ/દોષો

- માત્ર બૌદ્ધિક વિકાસનું માપન
- અભ્યાસક્રમનાં અમુક જ મુદ્દા આવરી લેવામાં આવે છે
- વિશ્વસનિયતા ઓછી અને આત્મલક્ષીપણું વધુ
- યાદશક્તિ ઉપર વધુ ભાર મુકાય છે
- પ્રશ્નપત્ર રચના સંદિગ્ધ
- પરીક્ષામાં થતી વિદ્યાર્થીઓની ગેરરીતિઓ
- શિક્ષકો અને વાલીઓની ગેરરીતિઓ
- પ્રશ્નોનો અયોગ્ય ગુણભાર, અયોગ્ય સૂચનાઓ
- દર વર્ષે અમુક પ્રશ્નોનું પુનરાવર્તન
- અનાત્મલક્ષી મૂલ્યાંકનનો અભાવ
- ચોરીને ઉત્તેજન, માર્ક મેળવવાં ભ્રષ્ટાચાર આચરવો

## 3. પરીક્ષા પદ્ધતિનાં દોષો નિવારવાના ઉપાયો

❖બાહ્ય પરીક્ષાનું ભારણ ઘટાડવું જોઈએ
❖પરીક્ષામાં અનાત્મલક્ષીપણું લાવવું જોઈએ
❖સતત સર્વાંગી અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં ખ્યાલને વ્યવહારમાં મૂકવો જોઈએ
❖મૂલ્યાંકનમાં તટસ્થતા હોવી જોઈએ
❖પ્રમાણિત કસોટીનો ઉપયોગ કરવો
❖લેખિત પરીક્ષા સાથે મૌખિક પરીક્ષા લેવી જોઈએ
❖વયકક્ષાં અનુસાર અભ્યાસક્રમની રચના કરવી જોઈએ
❖જે વિષયમાં નાપાસ થતો હોય તે વિષયની જ પરીક્ષા લેવી જોઈએ
❖સેમેસ્ટર પદ્ધતિનો વિકાસ કરવો જોઈએ
❖અનાત્મલક્ષી પ્રશ્નો પર ભાર મૂકવામાં આવે તો કમ્પ્યુટર દ્વારા જવાબો તપાસી શકાય.

## 2.2 ઓનલાઈન પરીક્ષાનો અર્થ –

ઓનલાઈન પરીક્ષા એ પરીક્ષાની એવી ટૅક્નિક છે જેમાં પરિક્ષાર્થીએ કમ્પ્યુટર નેટવર્ક સાથે જોડાયેલા,કમ્પ્યુટર દ્વારા તેમણે પૂછવામાં આવેલા પ્રશ્નોનાં પ્રતિચાર આપવાના હોય છે.

## ○ઓનલાઈન પરીક્ષાનાં લક્ષણો:

❑કમ્પ્યુટર લેબ અને સર્વરની જરૂરિયાત રહે છે

❑અલગ સોફ્ટવેર ઓપરેટ કરતી ઓપરેટિંગ સિસ્ટમ હોવી જરૂરી છે

❑શાળા કમ્પ્યુટર લેબમાં બધા કમ્પ્યુટરનું સર્વર જોડાણ થયેલું હોવું જોઈએ

❑કમ્પ્યુટર LAN હોવા જરૂરી છે.

# •ઓનલાઈન પરીક્ષાના ફાયદા

1. અનાત્મલક્ષી મૂલ્યાંકન
2. વિશાળ વિસ્તારોનો સમાવેશ
3. ત્વરિત પરિણામની જાણ
4. સમયની બચત
5. ગુપ્તતાની જાળવણી
6. સ્વયંસંચાલિત સમય નિયંત્રણ
7. ચોરી થતી અટકાવવી
8. પરિણામોનું ઝડપી વિશ્લેષણ
9. સ્વઅધ્યયનની ટેવનો વિકાસ
10. કાગળની બચત
11. વધુ વિષયવસ્તુઓનો સમાવેશ
12. ઉત્તરોનો સંગ્રહ
13. ચીલાચાલું પદ્ધતિમાથી મુક્તિ

## ❖ઓનલાઈન પરીક્ષાની મર્યાદાઓ

i. બધા જ વિદ્યાર્થીઓને કમ્પ્યુટર વિશેનું એકસરખું જ્ઞાન હોતું નથી
ii. આ પરીક્ષા પદ્ધતિ ખર્ચાળ છે
iii. અનાત્મલક્ષી પ્રશ્નો સિવાયના પ્રશ્નોનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી શકતો નથી
iv. શાળામાં સુવિધાઓનો અભાવ જોવા મળે છે
v. દરેક કમ્પ્યુટર શિક્ષક તકનીકી નિપુણ હોતા નથી
vi. પાવર સપ્લાય બંધ થતાં અવ્યવસ્થા સર્જાઈ શકે
vii. વિદ્યાર્થીઓના લેખન કૌશલ્ય, ગણતરી કરવાના કૌશલ્ય વગેરેનું મૂલ્યાંકન થઈ શકતું નથી
viii. વિદ્યાર્થીઓને મૌખિક રીતે ઉત્તરો આપવાની તક મળતી નથી
ix. પૂરતી તકેદારી ન રાખવામાં આવે તો ડમી વિદ્યાર્થીઓ પરીક્ષા આપી દે તેવી શકયતા રહે છે
x. જે વિસ્તારમાં ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારમાં ઓનલાઈન પરીક્ષાનો અમલ કરવાનું શકય બનતું નથી
xi. એકવાર વિદ્યાર્થીઓને આપેલા જવાબો સુધારી શકાતા નથી
xii. વિદ્યાર્થી ગપ્પાં મારી જવાબ લખી શકે છે

## ▪ઓનલાઈન પરીક્ષાની જરૂરિયાત

A. ઓનલાઇન પરિક્ષાથી અધ્યયન શાળા-મહાશાળામાથી વૈશ્વિક કક્ષાં સુધી વિસ્તરે છે
B. અધ્યેતા ઝડપથી અધ્યયન કરી શકે છે
C. સમય અને ખર્ચની બચત થાય છે
D. વિદ્યાર્થીઓ પરીક્ષાનું પરિણામ તરત જ જાણી શકે છે
E. પ્રશ્નબેંક મળી શકે છે
F. ઓનલાઈન દ્વારા વિશ્વમાં કોઈ પણ સ્થળે સર્વરમાં ઉપલબ્ધ જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકે છે
G. સ્વ-અધ્યયનની ટેવોનો વિકાસ થાય છે
H. અધ્યેતાં અધ્યયનની જવાબદારી સાથે પ્રવૃત્ત બને છે, જે તેનામાં જ્ઞાનપ્રાપ્તિ અને આત્મવિશ્વાસનાં ગુણ વિકસાવે છે
I. નવા તથા બિનઅનુભવી શિક્ષકો પ્રશ્નપત્ર રચવામાં નડતી મુશ્કેલીઓ દૂર થાય છે
J. ઉત્તરવહીઓના ગુણાંકનમાં સમય જતો નથી
K. કમ્પ્યુટર કૌશલ્યનો વિકાસ થાય છે
L. વિવિધ પ્રકારનાં સર્વેક્ષણો માટે ઉપયોગી છે
M. શ્રમમાં ઘટાડો થાય છે

# 2.3 ઓપન બૂક એકઝામનો અર્થ અને હેતુઓ

• ઓપન બૂક એકઝામિનેશન એટલે ખુલ્લાં પુસ્તકો સાથે રાખીને પરીક્ષા આપવી તેવો અર્થ થાય છે. પણ આ પદ્ધતિ દરમિયાન વિદ્યાર્થી માત્ર પાઠ્યપુસ્તક જ નહીં,પરંતુ પોતે તૈયાર કરેલી નોંધ તથા સંદર્ભ પુસ્તકો પણ સાથે રાખી શકે. આ પરીક્ષા પદ્ધતિમાં વિદ્યાર્થીઓને પ્રશ્નોનાં જવાબો તૈયાર કરવાના હોય છે. આ પદ્ધતિ યાદશક્તિને બદલે તર્કશક્તિ કે સમજશક્તિને વિકાસ કરવામાં મદદ થાય છે.

## ➢હેતુઓ

• વિદ્યાર્થીઓમાં પરીક્ષા નો ડરદૂર કરવો
• ગોખણપટ્ટીનું ભાર ઘટાડવો.
• વિદ્યાર્થિની સ્મરણશક્તિનાં તર્કશક્તિની ચકાસણી કરવી.
• વિદ્યાર્થીઓમાં સ્મરણશક્તિના સ્થાને તર્કશક્તિની ચકાસણી કરવી
•સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવાના કૌશલ્યને વિકસાવવું
•વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ થાય તેવો પ્રયત્ન કરવો

# •તૈયારી કેવી રીતે કરશો?

1) પ્રવર્તમાન વિષયવસ્તુનું વાંચન અને સ્વાધ્યાયની વર્ગખંડમાં ચર્ચા કરવી જોઈએ
2) પોતાના વિચારોની નોંધ તૈયાર કરી અને તે વિષયનો કોન્સેપ્ટ તૈયાર કરવો
3) કાળજીપૂર્વક સંદર્ભ સાહિત્યની પસંદગી કરવી,તમારા સૂચનો પણ ઉમેરો
4) તમને જે માહિતી મળશે જે ઇંધણનું કામ કરશે.તેથી તમારી આર્ગ્યૂમેંટમાં પ્રભાવ પાડી શકશો
5) માહિતીની સૂચિ બનાવો

આટલું કરવાથી,

- ❖ વિદ્યાર્થી પોતાના વિચારોનું Demonstration કરી શકશે
- ❖ વિદ્યાર્થી પોતે પોતાની જાત સાથે જ ચેલેંજ કરી શકશે
- ❖ વિદ્યાર્થી પરીક્ષાનાં ફૉર્મટ સાથે ફેમિલીયર બની જશે
- ❖ વિદ્યાર્થી ક્લાસનોટ ઓર્ગનાઇઝ કરી શકશે
- ❖ વિદ્યાર્થીના અધ્યયનનો વિકાસ થશે

## ▪પરીક્ષા કેવી રીતે આપશો?

✓ પ્રશ્નને બરાબર વાંચો.તમને જે પૂછવામાં આવ્યું છે તે સમજવા પ્રયત્ન કરો.
✓તમે જે સંદર્ભ પુસ્તક રિફર કરવા માંગતા હોય તેને પરીક્ષા વખતે ફોલો કરો
✓તમારે કયા પ્રશ્ન માટે કેટલો સમય ફાળવવો જોઈએ તે નક્કી કરી લો
✓વધારે પડતી તુલના ન કરો
✓કઠિન પ્રશ્નો પછી લખો
✓વધારે પડતો લંબાણથી જવાબ ન લખો
✓તમારે જે લક્ષ્ય સિધ્ધ કરવું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો
✓તમારી પાસે જે સંદર્ભ પુસ્તક છે તે જ ઓથોરિટી ન ગણો

## ▪ઓપન બૂક પરીક્ષાનાં ફાયદા

I. પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકાવી શકશે
II. વિધાર્થીઓએ પાઠ્યપુસ્તકો અને સંદર્ભ સાહિત્યનો વધુમાં વધુ ઉપયોગ કરશે
III. ગોખણપટ્ટીમાથી મુક્ત થશે
IV. પરીક્ષકેન્દ્રી નહીં પરંતુ અભ્યાસકેન્દ્રી બનશે
V. ટ્યૂશન પ્રથાની બડી અટકશે
VI. માનસિક હતાશામાં ઘટાડો થશે
VII. શિક્ષણ અપવ્યય અને સ્થગિતતા દૂર થશે

## ▪ઓપન બૂક પરીક્ષાનાં ગેરફાયદા

I. આ પદ્ધતિ વ્યવહારમાં મૂકવી કઠિન છે
II. વિધાર્થીઓ અને વાલીયોમાં પરીક્ષા અંગેની ગંભીરતા ઓછી થશે
III. જોઈને લખવાનું હોવાથી વિધાર્થી નિષ્ક્રિય બનશે
IV. ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયો કાચા રહેશે

- ## 2.4 સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં હેતુઓ

1. વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યનો વિકાસ થશે
2. વિદ્યાથીઓની વિચાર પ્રક્રિયાને વેગ મળશે
3. સંશોધનાત્મક અભિગમ કેળવાય
4. સ્વ-અધ્યયન અને સ્વ-મૂલ્યાંકન કરતો થાય
5. માનસિક તણાવ ઓછો થાય
6. નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ સરળ બને

- ## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનું મહત્વ

1. અભ્યાસક્રમની પુનઃરચના માટે
2. વિદ્યાર્થીઓની પ્રગતિનો દર નક્કી કરવા માટે
3. ક્રિયાત્મક સંસાધન કરવા
4. શિક્ષણકાર્યની સુધારણા માટે
5. વિદ્યાર્થીઓને નિયમિત બનાવવા
6. પરિક્ષાનો ભય દૂર કરવા
7. આત્મવિશ્વાસ વધારવા
8. વિદ્યાર્થીઓની વર્તમાન સ્થિતિ જાણવા

## ❖સતત સર્વગ્રાહી મૂલ્યાંકનનાં સોપાનો

- ➢હેતુની સ્પષ્ટતા
- ➢હેતુ પ્રમાણે પરિસ્થિતીનું નિર્માણ કરવું
- ➢સાધન-સામગ્રી
- ➢અર્થઘટન
- ➢પ્રતિપોષણ
- ➢પરિણામની જાણ
- ➢આયોજન અને સંચાલન

## ❖સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં ઘટકો

- ➢શિક્ષકો
- ➢આચાર્ય
- ➢વિદ્યાર્થી
- ➢વાલી

## : સ્વ–અધ્યયન :

(1) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(1) પ્રવર્તમાન પરીક્ષા પ્રણાલીના દોષો જણાવી તેના નિવારણના ઉપાયો જણાવો.

(2) વર્તમાન પરીક્ષા પ્રણાલીના લાભ જણાવો.

(3) ઓન લાઈન પરીક્ષાની સંકલ્પના સ્પષ્ટ કરો.

(4) ઓન લાઈન પરીક્ષા એટલે શું ? તેની લાક્ષણિકતાઓ જણાવો.

(5) ઓન લાઈન પરીક્ષાના ફાયદાઓ જણાવો.

(6) ઓન લાઈન પરીક્ષાની મર્યાદાઓ જણાવો.

(7) "ઓન લાઈન પરીક્ષા પદ્ધતિથી વિદ્યાર્થીનું સાચું અને અનાત્મલક્ષી મૂલ્યાંકન થાય છે." વિધાનની ચર્ચા કરો.

(8) ઓનલાઈન પરીક્ષાની જરૂરિયાત જણાવો.

(9) ઓપન બુક પરીક્ષા એટલે શુ ? તેની સંકલ્પના સ્પષ્ટ કરો.

(10) ઓપન બુક પરીક્ષાના લાભ અને મર્યાદા જણાવો.

(11) "ઓપન બુક એકઝામ (પરીક્ષા) વિદ્યાર્થીઓમાં યોગ્ય અધ્યયન ટેવોનો વિકાસ કરે છે." વિધાન સમજાવો.

(12) ઓપન બુક એકઝામની લાક્ષણિકતાઓ જણાવો.

(13) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના સ્પષ્ટ કરી તેના હેતુઓ જણાવો.

(14) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ જણાવો.

(15) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનું મહત્વ જણાવો.

(16) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો જણાવો.

(17) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના સોપાનો જણાવો.

(18) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ઘટકો જણાવો.

(2) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) વર્તમાન પરીક્ષા પ્રણાલીની બે મર્યાદાઓ / દોષો જણાવો.

(2) વર્તમાન પરીક્ષા પ્રણાલીની મર્યાદા નિવારવાના બે ઉપાયો જણાવો.

(3) પરીક્ષા એટલે શું ?

(4) ઓન લાઈન પરીક્ષા એટલે શું ?

(5) ઓન લાઈન પરીક્ષાના બે લાભ જણાવો.

(6) ઓન લાઈન પરીક્ષાની બે મર્યાદાઓ જણાવો.

(7) ઓન લાઈન પરીક્ષા માટે શેનું જોડાણ હોવું જોઈએ ?

(8) ઓન લાઈન પરીક્ષાની બે લાક્ષણિકતાઓ જણાવો.

(9) ઓપન બુક એક્ઝામ સૌ પ્રથમ કયા દેશમાં શરૂ થઈ હતી ?

(10) ઓપન બુક એક્ઝામ એટલે શું ?

(11) ઓપન બુક એક્ઝામના બે ફાયદા જણાવો.

(12) ઓપન બુક એક્ઝામની બે મર્યાદાઓ જણાવો.

(13) સતત સર્વગ્રાહી મૂલ્યાંકન એટલે શું ?

(14) સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના બે હેતુઓ જણાવો.

(15) સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વિદ્યાકીય પાસામાં કઈ બે બાબતો સમાવિષ્ટ થાય છે ?

(16) સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં બિનવિદ્યાકીય પાસામાં કઈ બે બાબતો સમાવિષ્ટ થાય છે ?